પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષ:૨૫, અંક:૩૪, કુલ પાના:૪, તારીખ: ૦૧-૧૦-૨૦૨૧ શુક્રવાર, કિંમત રૂા.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 34 PRICE :-RS. 1.50 DATE : 01-10-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## મોદી-બાયડન V/S શી-જીન-પીંગ, કીમ જોંગ કોઈ મોટા યુદ્ધના એંધાણ

નવી દિલ્હી,

ઉત્તર કોરિયાએ દક્ષિણ કોરિયાની નજીક જ તેના જળ વિસ્તારને લગભગ સ્પર્શે તેટલે જ દૂર પ્રક્ષેપાસ્ત્રની ચકાસણી કરતાં સમુદ્રમાં જાગેલાં વમળોએ અચાનક જ વિશ્વ રાજકારણમાં વમળો સર્જી દીધાં છે. આપણે આશા રાખીએ કે, આ વમળો ત્યાં જ શમી જાય. નહીં તો છેવટે, પરિસ્થિતિ જો 'હાથ બહાર' જશે તો ફરી એક વખત 'વ્યાપક યુદ્ધમાં' વિશ્વ સપડાઈ જશે તેવી ભીતિ પણ અસ્થાન નથી. ખેદ તે છે કે, જાગતિક સ્થિતિ એટલી ઝડપથી પલટાઈ રહી છે કે, ક્યાંથી ક્યાં અને ક્યારે શું થશે તે ભલભલા રાજ્ય શાસ્ત્રીઓ કે સંરક્ષણ નિષ્ણાતો પણ કહી શકે તેમ નથી.ઉત્તર કોરિયાએ ૨૭/૯ના દિને અમેરિકા ઉપર યુદ્ધની ભાષામાં વાત કરવાનો આક્ષેપ મુક્યો છે. સાથે તેણે અમેરિકાને કહી દીધું છે કે ''દ.કોરિયા સાથેની લશ્કરી-કવાયતો બંધ કરો.'' આમ, ઉ.કોરિયાના સર્વેસર્વા કીમ-જોંગ-ઊને, અમેરિકાને સીધી જ ધમકી પણ આપી દીધી છે. આ સાથે વિશ્વ-ચોકમાં ચોપાટ-



મંડાતી જાય છે. એક પાટીમાં બાયડન-મોદી છે. બીજી પાટીમાં શી-જીન-પીંગ અને કીમ-જોંગ-ઊન છે. ચીન ગમે તેટલો 'નકાર' ભણે કે, અમે ઊ.કોરિયા પર લગામ રાખી શકીએ તેમ નથી પરંતુ ઉ.કોરિયા ચીનનું 'એક્સટેન્શન' જ છે, તે જગત જાણે જ છે. ચીન તેના દ્વારા પોતાના શબ્દો બોલે છે. ઊનને ખાતરી છે કે, તેનાં ૧૨,૫૦૦ માઈલ સુધીનાં અણુ-ટોચકાંવાળાં મિસાઈલ્સની 'રેન્જ'માં ન્યૂયોર્ક, બાલ્ટીમોર, વોશિંગ્ટન અને માયામી પણ આવી જાય છે, તેથી યુએસ ડરી જશે. તો ચીન ભારતને લડાખથી, અરૂણાચલ પ્રદેશ સુધીના હિમાલયન પટ્ટામાં ભીડવવા માગે છે. પરંતુ તે બંનેને લોકશાહીની આંતરિક-શક્તિનો ક્યાસ જ નથી. કારણ કે તેમને સાચી લોકશાહી શું છે તેની તેમને ખબર હોવાનો સંભવ નથી. 'ક્વોડ'ની રચના અને મોદીની અમેરિકાની મુલાકાતના સમયથી જ 'શી'એ લડાખમાં LAC ઉપર સળવળાટ શરૂ કરી દીધો. તેથી તો મોદી યુનોમાં તેમને પ્રવચન પછી પત્રકારોને સંબોધન કરવાની પરંપરાને અનુસરવાનું છોડી સીધા ભારત રવાના થયા. પણ પૂર્વમાં ઉ.કોરિયાએ દ. કોરિયાના પૂર્વ-સાગરમાં પ્રક્ષેપાસ્ત્રો છોડી વિશ્વ-રાજકારણમાં વમળો શરૂ કરી દીધાં. આ સાથે, પરિસ્થિતિ એટલી ઝડપથી પલટાઈ રહી છે કે આ તબક્કે તો તાલિબાન, પાકિસ્તાન કે કાશ્મીરમાં પણ પાશ્ચાદ્ ભૂમિકામાં સરી રહ્યાં છે. યુદ્ધો તેમાંએ વ્યાપક-યુદ્ધો કૈ રાતોરાત શરૂ થતાં નથી. તે માટેની પૂર્વ ભૂમિકા તો વર્ષોથી બંધાતી હોય છે. દ્વિતીય વિશ્વયુદ્ધનાં જન્મદાતા તેવાં પ્રથમ યુદ્ધની પૂર્વ ભૂમિકા તો ૧૯૦૨થી બંધાતી ગઈ હતી. તેનું મુખ્ય કારણ તો જર્મનીના વિલ્હેમ-કૈઝર-બીજાની બ્રિટન પ્રત્યેની ઈર્ષ્યા અને પોતાની જયેષણા હતાં. તેઓ જગતને તેવું ઠસાવવા માગતા હતા કે બ્રિટન કૈં વિશ્વની એકમાત્ર સર્વ-સમર્થ-સત્તા નથી. તેઓ બ્રિટન સામે લડી તેને નમાવવા જ માગતા હતા. તેથી નજીવાં બહાનાં નીચે તેમણે યુદ્ધ છેડી દીધું. બહાનુ હતું પોતાના મિત્ર તેવા, ઓસ્ટ્રો-હંગેરિયન-એમ્પાયરના આર્કડ્યુક અને તેમના પત્નીની હત્યાનું. સાથે વિશ્વ સમસ્ત યુદ્ધની જ્વાળાઓમાં હોમાઈ ગયું. અન્ય દેશ પ્રત્યેની ઈર્ષ્યા યુદ્ધ માટેનું મહત્ત્વનું કારણ છે. સાથે યુદ્ધખોર દેશની માનસિકતા પણ ભાગ ભજવે છે. ચીન-ઉ.કોરિયા બંને માટે કહી શકાય કે બંને દેશોની માનસિકતા જ યુદ્ધખોર છે. તો બીજી તરફ ચીનને અમેરિકાની શક્તિ અને સંપત્તિની ઈર્ષ્યા છે. ઉત્તર કોરિયાને, દક્ષિણ કોરિયાની સંપત્તિ અને અમેરિકાની સહાયથી તેણે મેળવેલી શક્તિની પણ ઈર્ષ્યા છે. તે કારણ તો છે જ, પરંતુ તેથી પણ મહત્ત્વનું કારણ પોતાના જ દેશની જનતાનો તેમની સામે જાગી રહેલો જુવાળ છે. ભલે, ચીન કે ઉત્તર કોરિયામાં બહારથી જળ-સમથળ લાગતા હોય પરંતુ ભીતર તો વમળો જાગી જ રહ્યાં છે. તેથી જનતાનું ધ્યાન બીજે દોરવા તેઓ 'પોઝિટિવ-પોલિસી' (આક્રમક-નીતિ)નો ઉપયોગ કરે છે તે માટે અન્ય દેશ ઉપર ઉભા કરેલા આક્ષેપો મુકે છે. કીમ-જોંગ ઉન કહે છે કે'' દક્ષિણ-કોરિયા, અમેરિકાની સહાયથી અમને દબાવવા માગે છે પરંતુ અમે ડરતા નથી. ઊનને અંદરખાને રહેલી તે ભીતી પણ સતાવતી હશે કે દક્ષિણ કોરિયાની સમૃદ્ધિ અને તેના નાગરિકોની ખુશહાલી જોઈ તેના દાબ નીચે રહેલી પ્રજા પણ ગમે ત્યારે બળવો પોકારે અને તેને સત્તા ઉપરથી ફેંકી પણ દે. મુસોલીની અને હીટલરના શા હાલ થયા હતા, તેની તેને બરોબર ખબર છે. ચીનની આર્થિક સ્થિતિ સારી છે તેમ લાગે છે. પરંતુ તેનો ય્ઘૅગ્રોથ વાસ્તવમાં ૫ ટકા જેટલો જ રહ્યો છે. તેણે જોર કરી ફુલાવેલા ફુગ્ગામાંથી ધીમે ધીમે હવા નીકળતી જાય છે. કૃત્રિમ રીતે યુઆન નીચો રાખી વિશ્વબજારો સર કરવા જતાં અને દુનિયાભર અનેક દેશોને યુઆનને ડોલર ફેરવીને ડોલરની છુટ્ટેહાથે લ્હાણી કરવા જતાં તેની પોતાની આર્થિક હાલત-બેહાલ થતી જાય છે.




## અવમાનની શક્તિ સંસદ અથવા વિધાનસભા કાયદો બનાવીને આંચકી શકે નહીં : સુપ્રીમ

નવી દિલ્હી,

સુપ્રીમ કોર્ટે દહિયાને અદાલતની અવમાનના નોટિસ પાઠવતાં પૂછ્યું હતું કે કોર્ટને નારાજ કરવાના પ્રયાસ માટે તેમના વિરુદ્ધ કાર્યવાહી કેમ કરવામાં ન આવે. દરિયાએ કોર્ટને જણાવ્યું તેની પાસે દંડ ચૂકવવા માટે સંશાધન નથી અને તે દયા અરજી લઈને રાષ્ટ્રપતિ પાસે જશે. સુપ્રીમ કોર્ટે દહિયાની વર્ષ ૨૦૧૭ના કોર્ટના આદેશને રદ કરવા માટે કરેલી વિનંતીના કેસની સુનાવણી કરી હતી. કોર્ટે ૨૦૧૭માં એક આદેશમાં કોઈપણ સફળતા વિના આટલા વર્ષોમાં ૬૪ જનહિત અરજીઓ દાખલ કરવા અને કોર્ટના ન્યાયીક ક્ષેત્રનો વારંવાર દુરુપયોગ કરવા માટે દહિયાને રૂ. ૨૫ લાખનો દંડ કર્યો હતો.સંસદ અથવા વિધાનસભા કાયદો બનાવીને પણ કોર્ટનની અવમાનનાની શકિતઓ આંચકી શકે નહીં તેમ સુપ્રીમ કોર્ટે બુધવારે એક કેસની સુનાવણીમાં જણાવ્યું હતું. આ સાથે કોર્ટે 'બદનક્ષી અને ધમકાવવા' બદલ ૨૫ લાખ રૂપિયાનો દંડ જમા નહીં કરાવવા માટે એક એનજીઓના અધ્યક્ષ રાજીવ દહિયાને દોષિત ઠેરવ્યો હતો. સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે, એનજીઓના અધ્યક્ષ કોર્ટની અવમાનના બદલ સ્પષ્ટપણે દોષિત છે અને અમારું માનવું છે કે કોર્ટની બદનક્ષીના તેમના કૃત્યને જરા પણ સાંખી લેવાય નહીં. ન્યાયાધીશો સંજય કિશન કૌલ અને એમએમ સુન્દરેશની બેન્ચે કહ્યું કે એનજીઓ સુરાજ ઈન્ડિયા ટ્રસ્ટના અધ્યક્ષ રાજીવ દહિયા કોર્ટ, વહીવટી કર્મચારીઓ અને રાજ્ય સરકાર સહિત બધા જ લોકો પર 'કિચડ ઉછાળતા' રહ્યા છે. બેન્ચે કહ્યું કે, અવમાનના માટે દંડ કરવાની શક્તિ એક બંધારણીય અધિકાર છે, જેને સંસદ અથવા વિધાનસભા કાયદો બનાવીને આંચકી શકે નહીં. કોર્ટે દહિયાને નોટિસ પાઠવવામાં આવી અને તેને ૭મી ઑક્ટોબરે સજા સંભળાવવા માટે કોર્ટમાં હાજર રહેવા નિર્દેશ અપાયા હતા. નાણાંની વસૂલાત સંબંધે બેન્ચે કહ્યું કે તે જમીન મહેસૂલના એરિયર્સ તરીકે લઈ શકે છે.

### પંજાબ રાજકારણમાં ગરમાવો

## અમરિન્દર અમિત શાહને મળતા ભાજપમાં જોડાવાની અટકળો

નવી દિલ્હી,

પંજાબમાં આગામી વર્ષના પ્રારંભમાં વિધાનસભા ચૂંટણી યોજાવા જઈ રહી છે ત્યારે અમિરન્દર સિંહ ભાવી યોજનાઓ અંગે શું નિર્ણય લે છે તે ચર્ચાનો વિષય બન્યા છે. કેપ્ટન અમરિન્દરે બુધવારે સાંજે ગૃહમંત્રી અમિત શાહની મુલાકાત લેતાં તેમની ભાજપમાં જોડાવાની અટકળોએ જોર પકડયું છે. જોકે, અમરિન્દર સિંહે આ મુદ્દે કોઈ જાહેરાત કરી નથી. પંજાબના ભૂતપૂર્વ મુખ્યમંત્રીએ અમિત શાહ સાથે કૃષિ કાયદાઓ મુદ્દે ચર્ચા કરી છે. કેન્દ્ર સરકાર નવા કૃષિ કાયદાઓ પરત ખેંચે નહીં ત્યાં સુધી અમરિન્દર માટે ભાજપમાં પ્રવેશ કરવો મુશ્કેલ બનશે. અમરિન્દર સિંહ છેલ્લા એક વર્ષ કરતાં વધુ સમયથી સતત કૃષિ કાયદાઓનો વિરોધ કરતા આવ્યા છે. તેઓ હંમેશાથી કૃષિ કાયદાના વિરોધી રહ્યા છે. આથી કૃષિ કાયદાઓ પાછા ખેંચાયા વગર જો અમરિન્દર ભાજપમાં જોડાશે તો તેમને જ વધુ નુકસાન થશે.પંજાબના મુખ્યમંત્રીપદેથી રાજીનામું આપ્યા પછી



પહેલી વખત દિલ્હી આવેલા કેપ્ટન અમરિન્દર સિંહે બુધવારે સાંજે ભાજપ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે મુલાકાત કરી હતી. આ બેઠક સાથે જ કેપ્ટન અપમાનનો બદલો લેવા કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાશે તેવી અટકળોનું બજાર ગરમ થઈ ગયું હતું. અમિત શાહ અને અમરિન્દર સિંહ વચ્ચે લગભગ ૪૫ મિનિટ સુધી બેઠક ચાલી હતી. અમરિન્દરે ટ્વીટ કરીને જણાવ્યું કે તેમણે ગૃહમંત્રી શાહ સાથે કૃષિ કાયદા પરત લેવા, પંજાબમાં આંતરિક સલામતી મુદ્દે ચર્ચા કરી હતી. અમિત શાહ અને અમરિન્દર સિંહ વચ્ચે ટૂંક સમયમાં વધુ એક બેઠક થઈ શકે છે અને આ સાથે વડાપ્રધાન મોદી સાથેની બેઠકમાં ફાઈનલ વ્યૂહરચના તૈયાર થઈ શકે છે. વધુમાં અમરિન્દર કોંગ્રેસ હાઈકમાન્ડથી નારાજ જી-૨૩ નેતાઓને પણ મળશે તેમ માનવામાં આવે છે. જોકે, અમરિન્દરે હજુ સુધી કોઈ સ્પષ્ટ સંકેત આપ્યા નથી. તેમણે પોતાના માટે બધા જ વિકલ્પો ખૂલ્લા રાખ્યા છે. સૂત્રો મુજબ અમરિન્દર કોંગ્રેસથી છેડો ફાડે અને ભાજપમાં ન જોડાય તો તેઓ અલગ પક્ષની પણ રચના કરી શકે છે. જો એમ થાય તો પણ ભાજપને ફાયદો થશે. ભાજપ પંજાબમાં કેપ્ટન અમરિન્દરને બહારથી ટેકો આપી શકે છે. બીજીબાજુ અમિત શાહ સાથેની બેઠક મુદ્દે સ્પષ્ટતા કરતાં અમરીન્દર સિંહે ટ્વીટ કરીને કહ્યું કે ગૃહમંત્રી સાથે તેમને ખેડૂત આંદોલન અંગે ચર્ચા થઈ હતી. તેમણે શાહ સાથે લાંબા સમયથી ચાલી રહેલા ખેડૂત આંદોલન પર ચર્ચા કરી છે અને તેમની સાથે પાક વિવિધીકરણમાં પંજાબનું સમર્થન કરવા સિવાય કૃષિ કાયદાને રદ કરવા અને એમએસપીની ગેરેન્ટી સાથે આ સમસ્યાનો તાત્કાલિક ઉકેલ લાવવા વિનંતી કરી છે.

# મહીસાગર જિલ્લા પંચાયતના ICDS વિભાગ દ્વારા પોષણ માહ-૨૦૨૧ની અનોખી ઉજવણી

લુણાવાડા,
"સહી પોષણ-દેશ રોશન"ના મંત્રને ચરિતાર્થ કરવા માટે ભારત સરકાર દ્વારા દર વર્ષે સપ્ટેમ્બર માસમાં રાષ્ટ્રવ્યાપી પોષણ માહની ઉજવણી કરવામાં આવે છે. વડાપ્રધાનના આ સંકલ્પને સફળ બનાવવા અને તેમજ વર્તમાન અને ભાવિ પેઢીને પોષણયુક્ત બનાવવા રાજ્યના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા પોષણ માહ ૨૦૨૧ની સફળતાપૂર્વક ઉજવણી કરવાના ભાગ રૂપે લોકોને પોષણ વિશે જાગૃત કરી એક નવતર પ્રયોગનાં ભાગરૂપે પોષણ માસમાં કુપોષણ છોડ પોષણ કી ઓર- થામે ક્ષેત્રીય ભોજન કી ડોર ની ઉજવણી કરવામાં આવી રહી છે. જે અન્વયે મહીસાગર જિલ્લા પંચાયતના આઈ.સી.ડી.એસ. વિભાગ દ્વારા પોષણ માહની અનોખી


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

ઉજવણી કરી રહ્યું છે. જે અંતર્ગત જિલ્લા પંચાયત કચેરીના હોલમાં જિલ્લા કલેક્ટર ડો.મનીષકુમાર, જિલ્લા વિકાસ અધિકારી કે.ડી.લાખાણીએ દિપ પ્રાગટ્ય કરી વાનગી સ્પર્ધાને ખુલ્લી મુકી હતી.

જિલ્લા કલેકટર ડો.મનીષકુમારે ખાસ ઉપસ્થિત રહી વાનગીઓનું નિરીક્ષણ કરી બનાવેલ વાનગીઓના સ્વાદની ચકાસણી કરી સ્પર્ધકોની જહેમતની પ્રસંશા કરી હતી. તેમજ બાળકીઓ સાથે વાનગી રેસીપી અંગે માહીતી મેળવી હતી.

આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી કે.ડી.લાખાણીએ કિશોરીઓ દ્વારા વિવિધ પોષણયુક્ત વાનગીઓ બનાવી આકર્ષક સજાવટ કરવા બદલ કિશોરીઓને અભિનંદન પઠવ્યા હતા. જ્યારે આંગણવાડી કેન્દ્રની બહેનો દ્વારા કિશોરીઓને પ્રોત્સાહન પુરૂં પાડવા વાનગી સ્પર્ધાઓનું જે આયોજન કરવામાં આવ્યું છે તેને બિરદાવી હતી.

મહીસાગર જિલ્લામાં પોષણ માહ-૨૦૨૧ની ઉજવણી અંતર્ગત જિલ્લાના આંગણવાડી કેન્દ્રોમાં નોંધાયેલી કિશોરીઓ દ્વારા Take Home Ration પેકેટ્સ- માતૃ શકિત, પૂર્ણા શકિત, બાલ શકિતમાંથી વિવિધ વાનગીઓ બનાવવામાં આવી. જેમા ૫૩ લાભાર્થીઓ એ ભાગ લીધો હતો. આ તમામ ભાગ લેનારે અલગ અલગ પ્રકારની ૫૩ વાનગીઓ બનાવી હતી. આ વાનગી હરિફાઈમાં નિર્ણાયક તરીકે જિલ્લા આરોગ્ય અધિકારી એસ.બી.શાહ, નાયબ પ્રાથમિક શિક્ષણાધિકારી કિરીટભાઇ પટેલ, ખેતીવાડી વિસ્તરણ અધિકારી ધરમેન્દ્રસિંહ દ્વારા વાનગીઓનું નિરીક્ષણ કરી એકથી ત્રણ નંબર પસંદ કરી તેઓને પ્રમાણપત્ર અને ગીફટ આપી સન્માનીત કરવામાં આવ્યા હતા.

સ્પર્ધામાં રજૂ થયેલી અનેકવિધ વાનગીઓને નાયબ જિલ્લા વિકાસ અધિકારી અને ઇનચાર્જ પ્રોગ્રામ ઓફિસર ચંદ્રીકાબેન ભાભોર, સહિત ઉપસ્થિત વિવિધ વિભાગના અધિકારીઓએ નિહાળી તેની રેસીપી જાણી સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા.

# વિરપુરના પાંટા પંચાયતના ૧૪૦ પરિવારોને PM આવાસના લાભથી વંચિત રહેતા TDOને આવેદન

વિરપુર,
પાંટા પંચાયતના ૧૪૦ પરિવારોને પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત લાભથી વંચિત રહેતા વિરપુર ટી.ડી.ઓ.ને આવેદનપત્ર આપ્યુ હતુ. પાંટા ગ્રામ પંચાયતમાં આવેલ રસુલપુર, ભાણજીની વાવ, ગાંધેલી જેવા ૧૪૦ જેટલા લાભાર્થીઓને વર્ષ-૨૦૧૯/૨૦ના પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ગ્રામ પંચાયતમાં આવાસો બનાવાની સર્વેની કામગીરી સરકાર દ્વારા કરવામાં આવેલ હતી. અને સરકાર અધિકૃત અધિકારીઓ દ્વારા પંચાયતોમાં જરૂરિયાતવાળા લાભાર્થીઓનુ ઝીરો ટેગિંગનુ સર્વે કરી પંચાયતોની અરજદારોની અરજી મુજબ પ્રાથમિક યાદી તૈયાર કરેલી હતી. ત્યારબાદ પંચાયતોના વહીવટી અધિકારીઓએ યાદી બાબતે સર્વે કરી માંગણી મુજબની મંજુરી માટે પ્રાધાન્ય આપેલ ત્યારબાદ વિભાગના બી.એલ.ઓ.દ્વારા પણ યાદી મુજબ સર્વે કરાવેલ અને આ સાથે યાદી મુજબ આવાસોના મકાનો સરકાર દ્વારા મંજુર થયેલ હોવા છતાં યાદી મુજબના ગામોના પંચાયતોમાં એકપણ લાભાર્થીને આજદિન સુધી આવાસ બનેલ કે આવાસનો કોઈ લાભ મળેલ નથી જેને લઈ તાલુકા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપવામાં આવ્યુ હતુ.

# કાંકણપુર કોલેજ ખાતે પોષણ અંગે જનજાગ્રુતિ કાર્યક્રમ યોજાયો

ગોધરા,
ભારત સરકારના ક્ષેત્રીય લોકસંપર્ક કાર્યાલય, ગોધરા દ્વારા તાજેતરમાં પોષણ માસ અંતર્ગત ગોધરા તાલુકાના કાંકણપુર આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે જન જાગૃતા કાર્યક્રમ યોજાઈ ગયો. કાર્યક્રમના અધ્યક્ષ તરીકે ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના રજીસ્ટાર ડો.અનિલ સોલંકીએ સ્થાન શોભાવ્યું હતું. પોષણ માસ કાર્યક્રમમાં કાંકણપુર આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના એન એસ એસ યુનિટના વિદ્યાર્થીઓએ તેમજ કોલેજના વિદ્યાર્થીઓ વચ્ચે પોષણ અંગે વક્તૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા તેમજ રંગોળી સ્પર્ધા યોજવામાં આવી હતી. આયોજિત સ્પર્ધાના



વિજયી થયેલ વિદ્યાર્થીઓને ક્ષેત્રીય લોક સંપર્ક કાર્યાલય, ગોધરા દ્વારા ઈનામ અર્પણ કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં ભારત દેશના નાગરિકોમાં ખાસ કરી માતાઓ અને બાળકોમાં કુપોષણ દૂર થાય, કુપોષણ દૂર થાય, તે અંગે જાગૃતિ વધે અને તે માટે પોષણક્ષમ આહાર નિત્ય જીવનમાં લેવા અનુરોધ કરવામાં આવ્યો. આ કાર્યક્રમમાં કાંકણપુર કોલેજના આચાર્ય ડો જે.એન.શાસ્ત્રી, મહિલા અને બાળ વિકાસ કાર્યાલય ગોધરાના બાળ વિકાસ કાર્યક્રમ અધિકારી જયશ્રીબેન સોલંકી તેમજ મીતાબેન ભટ્ટ વકતા તરીકે ઉપસ્થિત રહ્યા હતા અને પોષણ વિશે સુંદર પ્રકાશ પાડ્યો હતો. આ પ્રસંગે ક્ષેત્રીય લોક સંપર્ક કાર્યાલય ગોધરાના રજીસ્ટર કલાકારો દ્વારા સંગીતના માદયમથી લોકજાગૃતા લાવવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા કાંકણપુર કોલેજના એન.એસ.એસ. અધિકારી મહેશ રાઠવા તેમજ એન.એસ.એસ સમન્વયક ડો. નરસિંહ પટેલ દ્વારા સુંદર સહયોગ પ્રાપ્ત થયો હતો.

## દિલ્હી-મુંબઈ ગ્રીન એક્સપ્રેસ વે

# ગુજરાતના વિકાસને નવી ચેતના મળશે

મુંબઈ,
ગ્રીન એક્સપ્રેસ વે માર્ચ ૨૦૨૩ સુધીમાં પૂર્ણ કરવાની યોજના છે. દિલ્હીથી વડોદરા વિભાગ માટે ૧૫,૦૦૦ હેક્ટર વિસ્તાર માટે જમીન સંપાદન કામગીરી એક વર્ષથી ઓછા સમયમાં પૂર્ણ કરવામાં આવી છે.તદુપરાંત એક્સપ્રેસવેની બંને બાજુ એટલી ખુલ્લી જગ્યા રાખવામાં આવી છે કે ભવિષ્યમાં તેને ૧૨ લેન સુધી વધારી શકાય.હાલના તબક્કે જે ગતિથી કામ ચાલી રહ્યું છે તે જોતાં રાજસ્થાનમાંથી ૩૮૦ કિ.મી., મધ્ય પ્રદેશમાંથી ૩૭૦ કિ.મી., ગુજરાતમાંથી ૪૨૩ કિ.મી., મહારાષ્ટ્રમાંથી ૧૨૦ કિ.મી. અને હરિયાણામાંથી ૮૦ કિ.મી.માંથી પસાર થનારો 'ગ્રીન હાઈવેલ્ઝ માર્ચ-૨૦૨૩માં પૂર્ણ કરવાનું નિર્ધારિત કરવામાં આવ્યું છે.કોઈપણ રાજ્ય કે રાષ્ટ્રના વિકાસ માટે માર્ગો એ કરોડરજ્જુ સમાન હોય છે. કેન્દ્ર સરકાર દ્વારા ભારતમાલા પ્રોજેક્ટ હેઠળ સમગ્ર દેશમાં માર્ગોનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે જે નવા ભારતના નિર્માણમાં ધોરીનસ સમાન પુરવાર થશે. આપણે વાત કરીશું ગુજરાત સહિત પાંચ રાજ્યોમાંથી પસાર થતા દિલ્હી-મુંબઈ ગ્રીન ફિલ્ડ એક્સપ્રેસ વે ની (DME). નેશનલ



હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા અંદાજે રૂ. ૯૮ હજાર કરોડના ખર્ચે તૈયાર થઇ રહેલો આ ૧૩૮૦ કિલોમીટર લાંબો દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે ભારતનો સૌથી લાંબો એક્સપ્રેસ વે હશે. આ એક્સપ્રેસ વે દેશની રાષ્ટ્રીય રાજધાની દિલ્હી અને આર્થિક રાજધાની મુંબઈને જોડશે. હરિયાણા, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ગુજરાત અને મહારાષ્ટ્ર સહિત પાંચ રાજ્યોમાંથી પસાર થતા આ એક્સપ્રેસ વેમાં જયપુર, કિશનગઢ,અજમેર, કોટા, ચિત્તોડગઢ, ઉદયપુર, ભોપાલ, ઉજ્જૈન, ઈન્દોર, અમદાવાદ, વડોદરા, સુરત શહેરની આર્થિક પ્રવૃત્તિઓ સાથે લાખો લોકો માટે આર્થિક સમૃદ્ધિ લાવશે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વમાં ન્યૂ ઈન્ડિયાની સંકલ્પના કરવામાં આવી છે. દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે ના કામની શરૂઆત માર્ચ-૨૦૧૯ માં કરવામાં આવી હતી. ૧૩૮૦ કિલોમીટરમાંથી ૧૨૦૦ કિલોમીટરથી વધુ માટે કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યા છે. અને કામો પ્રગતિમાં છે. તેની અગત્યની કડી રૂપે ગુજરાતમાં ૪૨૩ કિલોમીટરનો એક્સપ્રેસ વે કુલ રૂ. ૩૫,૧૦૦ કરોડથી વધુના ખર્ચે બનાવવામાં આવી રહ્યો છે, જેમાંથી ૩૯૦ કિમીના કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યા છે અને બાકીનું પેકેજ ટૂંક સમયમાં આપવામાં આવશે. ગુજરાત દેશનું મોટું આર્થિક કેન્દ્ર છે. દાહોદ, લીમખેડા, પંચમહાલ, વડોદરા, ભરૂચ, સુરત અને વલસાડ સહિત અન્ય શહેરોને કનેક્ટિવિટી પૂરી પાડવા માટે રાજ્યભરમાં અનેક ઈન્ટરચેન્જની યોજના છે. આ એક્સપ્રેસ વે વડોદરા-અમદાવાદ એક્સપ્રેસ વે દ્વારા રાજ્યની રાજધાની સાથે પણ જોડાશે. ગુજરાતમાં ૬૦ મોટા પુલ, ૧૭ ઈન્ટરચેન્જ, ૧૭ ફલાયઓવર અને ૮ આર. ઓ.બીનું નિર્માણ કરવામાં આવનાર છે. ગુજરાત રાજ્યમાં આ કોરિડોરની મુખ્ય વિશેષતા એ છે કે દિલ્હી-વડોદરા વિભાગમાં ટકાઉ ડિઝાઈન સાથે આયોજિત નવીન પેવમેન્ટ ડિઝાઈન અને એક્સપ્રેસ-વે ને ટકાઉ બનાવવા માટે આબોહવાની પરિસ્થિતિઓના આધારે વડોદરા-મુંબઈ વિભાગ માટે કોંક્રિટ પેવમેન્ટ ડિઝાઈન કરવામાં આવી છે. બે કિ.મી લાંબો એક્સ્ટ્રાડોઝ કેબલ સ્પાન બ્રિજ, ભરૂચ નજીક નર્મદા નદી પર એક આઈકોનિક બ્રિજ એક્સપ્રેસ વે પર બાંધવામાં આવતો ભારતનો પ્રથમ ૮ -લેન પુલ હશે. ભરૂચ શહેર નજીક આઈકોનિક ઈન્ટરચેન્જ સાથે દેશમાં એક્સપ્રેસ -વે વિકાસની ઓળખને નવી ગતિ આપશે. રાજ્યમાં રોજગારીની તકો ઊભી કરવા તેમજ મુસાફરી માટે વિશ્વસ્તરીય સુવિધાઓ પૂરી પાડવા માટે ગુજરાતમાં ૩૩ રોડસાઈડ સુવિધાઓ (WSAs) નું આયોજન કરવામાં આવી રહ્યું છે.

**ઉપરવાસમાં ભારે વરસાદના કારણે મહી નદી પર આવેલા કડાણા બંધ માંથી પાણી છોડાતા પંચમહાલ અને ખેડાની સરહદે સેવાલિયા પાસે મહીસાગર નદી બે કાંઠે થઈ હતી અને નદીના પટમાં આવેલ મંદિરોમાં પણ પાણી પ્રવેશ્યા હતા. આખી સીઝન ગયા બાદ છેલ્લે છેલ્લે મહીમાં પાણી આવતા લોકોમાં આનંદ વ્યાપ્યો હતો.**



તસ્વીર : હિમાંશુ પંડ્યા, નદીસર

# સંતરામપુર આદર્શ નિવાસી શાળાની મામલતદારે મુલાકાત લેતા અનેક ફરિયાદો સામે આવી

સંતરામપુર,
સંતરામપુર આદર્શ નિવાસી શાળામાં આંતરિયાળ વિસ્તારના ગરીબી રેખા હેઠળ જીવતા ૧૨૫ આદિવાસી વિદ્યાર્થીઓ આદર્શ નિવાસી શાળામાં રહીને અભ્યાસ કરે તે માટે માતબર ગ્રાન્ટ સાથે હોસ્ટેલ સાથેની સગવડ ઉભી કરી હતી. પરંતુ શાળામાં વિદ્યાર્થીઓને સુવિધા નહિ મળતી હોવાનો વાલીઓએ મામલતદારને કરેલ રજુઆતના પગલે મામલતદાર દ્વારા અચાનક મુલાકાત કરતા આદર્શ નિવાસી શાળાની ઘણી બધી ફરિયાદો બહાર જોવા મળી હતી જેમાં બાળકોને સુવા માટેના ગાદલાઓ દુર્ગંધ મારતા અને ફાટેલા જોવા મળ્યા હતા. શૌચાલયના અને બાથરૂમના દરવાજા તુટેલા હતા. વધુમાં મામલતદારે મુલાકાતમાં જણાવ્યુ હતુ કે, વોર્ડન તરીકે જે પણ અહિંયા ચાર્જ સંભાળતા હોય તેઓ આ સ્થળ છોડવાનુ નથી. દર અઠવાડિયે સર્કલ ઓફિસર આ બિલ્ડિંગની અવશ્ય મુલાકાત લેશે તથા દરેક બાળકના રૂમમાં તમામ સુવિધાઓ પુરી પાડવાની રહેશે. તથા જમવાનુ શુદ્ધ અને સાત્વિક આપવાનુ રહેશે. તથા જો હવેથી શાળાની કોઈપણ ફરિયાદ આવશે તો શાળાના તમામ સ્ટાફ ઉપર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેવુ જણાવ્યુ હતુ.

# જાલુ બારીયાના મુવાડા ગામે વારસદારોને અનુસૂચિત જાતિની સરકારની અત્યાચાર સહાય હેઠળ રૂા.૪.૧૨ લાખનો મંજુરી હુકમ જિલ્લા કલેક્ટર હસ્તે એનાયત કરાયો

લુણાવાડા,
મહીસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકાના જાલુ બારીયાના મુવાડા ગામે અનુસૂચિત જાતિના ઈસમનું ખૂન થતા અત્યાચાર ધારા હેઠળ નોંધાયેલ ગુના હેઠળ મૃત્યુ પામનારના વારસદારોને આજરોજ કલેકટરના ચેમ્બર્સમાં જિલ્લા કલેક્ટર ડૉ મનીષકુમારના હસ્તે અનુસૂચિત જાતિની સરકારની અત્યાચાર સહાયની પ્રથમ હપ્તાની રકમ રૂપિયા ૪ લાખ ૧૨ હજારનો મંજુરી હુકમ એનાયત કરવામા આવ્યો હતો.


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

સદર કામગીરી નાયબ નિયામક જે. એન.વર્મા તથા કચેરી સ્ટાફ મારફતે ત્વરીત મંજૂરીની કામગીરી કરવામાં આવેલ છે.

# ચાકલીયા ગામમાં ખોટી રીતે જમીન હડપ કરી લેવાના ગુનામાં સાત લોકો સામે લેન્ડગ્રેબિંગનો ગુનો નોંધાયો

દાહોદ,
ચાકલીયા ગામની મહુડી ફળિયામાં આવેલ અન્યની માલિકીની જમીનમાં ગામના ચાર વ્યકિતઓએ ખોટી રીતે મેળવી ખેતી કરી તેમજ છેલ્લા ૬ વર્ષથી અન્ય ત્રણ વ્યકિતઓએ પાકા મકાનો બનાવી જમીન હડપ કરી લેતા ૭ લોકો સામે લેન્ડગ્રેબિંગનો ગુનો નોંધાવ્યો હતો.

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના ચાકલીયા ગામે નાની મહુડી ફળિયામાં રહેતા રામસિંગભાઈ કાળાભાઈ નિનામા, મલસિંગભાઈ વાલસિંગભાઈ નિનામા, માનુભાઇ વરસિંગભાઇ નિના, તથા મલસીંગભાઈ કાળાભાઈ નિનામાએ તેમના ફળિયામાં રહેતા હવલાભાઈ વીછીયાભાઈ ડામોરની ખાતા નં-૪૧૧ જેના રેવન્યુ સર્વે નંબર ૨૫૩/૨ ક્ષેત્રફળ ૨.૫૭.૦૦હે.આરે.ચો.મી. વાળી જમીન સને ૧૯૯૯માં ખોટી રીતે હવલાભાઈ ડામોર પાસેથી મેળવી લઈ તેમાં ૧૫ વર્ષ સુધી ખેતી કરી હતી. ત્યારબાદ વર્ષ ૨૦૧૫થી મનસુખભાઈ લાલુભાઈ નિનામા, કસુભાઈ ઉર્ફે બચુભાઈ લાલુભાઈ નિનામા, તથા નાનકાભાઈ લાલભાઈ નિનામાએ આ જમીનમાં પાકા મકાનો બનાવી હવલાભાઈ ડામોરને આજદિન સુધી તેમની જમીન પરત ન આપતા હવલાભાઈએ પોતાની જમીનની આ લોકો પાસે માંગણી કરતા આજદિન સુધી પરત ન આપી તમામે ભેગા મળી હવલાભાઈ ડામોરની જમીન ગેરકાયદેસર રીતે પચાવી પાડી લીધી હતી. આ સંબંધે હવલાભાઈ વીછીયાભાઈ ડામોરે ઉપરોકત કુટુંબી સાતેય લોકો સામે ચાકલીયા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે લેન્ડગ્રેબિંગનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

# રાષ્ટ્રીય વયોશ્રી યોજના અંતર્ગત લાભ લેવા કોમન સર્વિસ સેન્ટર પર વિનામૂલ્યે રજીસ્ટ્રેશનની સુવિધા

ગોધરા,
ભારત સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ તથા ભારતીય કૃત્રિમ અંગ નિર્માણ નિગમ ઉજજૈન અને પંચમહાલ જિલ્લા વહિવટીતંત્રના સંયુકત ઉપક્રમે સિનિયર સિટીઝનને શારીરીક સાધન સહાય મેળવવા નિશુલ્ક રજીસ્ટ્રેશનની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. પંચમહાલ જિલ્લામાં ૬૦ વર્ષ કે તેથી વધુની ઉંમર ધરાવતા બી.પી.એલ કાર્ડધારક અથવા રૂા. ૧,૮૦,૦૦૦/-થી નીચેની વાર્ષિક આવક ધરાવતા વયોવૃધ્ધો માટે તેમની ઉંમરના કારણે શારીરિક અક્ષમતા, ઓછી દ્રષ્ટિ સાંભળવાની ક્ષતિ, દાંતની તકલીફમાં મદદરૂપ બનતા સહાયક સાધન મેળવવા માટે નજીકના કોમન સર્વિસ સેન્ટરમાં વિનામુલ્યે રજીસ્ટ્રેશન કરી શકાશે. રજીસ્ટ્રેશન બાદ તાલુકા-કક્ષાએ નિષ્ણાંત તજજ્ઞોના ચકાસણી કેમ્પનું આયોજન કરી તેમાં જરૂરીયાત અને નિષ્ણાંત તજજ્ઞનાં અભિપ્રાય મુજબ લાયક ઠરેલ લાભાર્થીને વ્હીલચેર, શ્રવણયંત્ર, કૃત્રિમદાંત, ચશ્મા, વોકર, કાખઘોડી, વોકિંગ સ્ટીક વિથ સીટ, સર્વાઇકલ કોલર, ટ્રાઈપોડ, ટેટ્રાપોડસ, ફૂટકેર કિટ તથા સ્પાઈનલ સપોર્ટ સહિતના ઉપકરણનું જિલ્લા/તાલુકાકક્ષાએ વિતરણ કરવામાં આવશે. રજીસ્ટ્રેશન કરવા ઈચ્છુક લાભાર્થીએ ફોટોગ્રાફ, આધાર કાર્ડ/ચુંટણીકાર્ડ, બીપીએલ રેશનકાર્ડ/મનરેગા કાર્ડ અથવા વાર્ષિક રૂ.૧,૮૦,૦૦૦/- ની મર્યાદાનો આવકનો દાખલો કે પછી ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજનાનો મંજુરી હુકમ જોડવાનો રહેશે એમ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# લીમખેડાના દાંતિયા નજીક બગડેલ ટ્રકની બાજુમાં ઉભેલ ક્લિનરનુ ટ્રક ચાલકે ટકકર મારતા મોત

લીમખેડા,
લીમખેડા નજીક હાઈવે ઉપરના દાંતિયામાં બગડી ગયેલ ટ્રક રસ્તાની બાજુમાં ઉભી હતી દરમિયાન પાછળથી પુરઝડપે હંકારી આવેલ એક ટ્રકના ચાલકે ધડાકાભેર ટકકર મારી અકસ્માત કરતા ટ્રકમાં બેઠેલા ક્લિનરનુ મોત નીપજ્યું હતુ. જયારે ટ્રકના ચાલક તથા સવાર અન્ય એક વ્યકિતને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

બનાસકાંઠા જિલ્લાના ભાભર તાલુકામાં રહેતા ભગવાનભાઈ ઈશ્વરભાઈ ઠાકોર પોતાના તાબાની જીજે-૧૨-વાય-૮૬૧૬ નંબરની ટ્રકમાં દાહોદથી ચોખા ભરી બાવળા જવા માટે નીકળ્યા હતા. દરમિયાન મોટી લીમખેડા નજીક હાઈવે ઉપર દાંતિયામાં રાત્રે ટ્રકના પાછલા ટાયરના નટ બોલ્ટ તુટી જતા અવાજ આવવાથી ટ્રકના ચાલક ભગવાનભાઈ ઠાકોરે ટ્રકને પાર્કિંગ લાઈટ ચાલુ કરી રસ્તાની બાજુમાં ઉભી કરી હતી તે દરમિયાન રાત્રિના દોઢેક વાગ્યાના સમયે દાહોદ તરફથી પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી આવતા એમ.પી.-૦૯-એચ.જી.-૩૦૨૧ નંબરની ટ્રકના ચાલકે ભગવાનભાઈ ઠાકોરની ઉભેલ ટ્રકને પાછળથી ધડાકાભેર ટકકર મારી અકસ્માત સર્જ્યો હતો. અકસ્માતમાં એમ.પી.પાર્સિંગની ટ્રકના બેઠેલા ધાર જિલ્લાના ચાકદુંદ ગામે રહેતા ૨૮ વર્ષિય ક્લિનર માલસિંગ ભુરસિંગ મસ્કેલનુ ગંભીર ઈજાઓના કારણે ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતુ. જયારે ટ્રકના ચાલક તથા સવાર અન્ય એક વ્યકિતને ગંભીર ઈજાઓ થવાથી સારવાર માટે ખસેડાયા હતા. ભગવાનભાઈ ઠાકોરની ફરિયાદના આધારે લીમખેડા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ધાનપુરના ખલતાગરબડી ગામની પરિણિતાને ત્રાસ આપતા અને મરવાની દુષ્પ્રેરણા આપવાના ગુનામાં પતિને સાત વર્ષની કેદની સજા કરતી કોર્ટ

ધાનપુર,
ધાનપુર તાલુકામાં આવેલા ખલતાગરબડી ગામની ૨૪ વર્ષિય પરિણિતા પર ત્રાસ ગુજારી મરવા માટે દુષ્પ્રેરણા આપવાના પતિ સામે નોંધાયેલા કેસમાં લીમખેડા સેશન કોર્ટે આરોપીને સાત વર્ષની કેદ અને રૂ.પાંચ હજારનો દંડ તેમજ દંડ નહિ ભરે તો વધુ સજા ફટકારી હતી.

ડુમકા ગામે રહેતી મનીશાબેનના લગ્ન ખલતાગરબડી ગામે રહેતા રતન મડીયા મિનામા સાથે થયા હતા. લગ્ન પછી પતિ રતનભાઈ મિનામા તેણીની સાથે સારો વ્યવહાર કરતો ન હતો. તેથી તા.૧૬/૦૪/૨૦૧૮ના રોજ મનીશાબેને શરીરે કેરોસીન છાંટીને અગ્નિસ્નાન કરી લેતા મોત થયુ હતુ. જેનો કેસ બીજા એડિશનલ જજ બ્રહ્મભટ્ટની કોર્ટમાં ચાલી જતા કોર્ટે સરકારી વકીલ એસ.બી.ચૌહાણની દલીલોને ગ્રાહ્ય રાખી આરોપી રતન મિનામાને કલમ ૩૨૩ના શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાર ઠેરવીને સાત વર્ષની કેદ અને રૂ.પાંચ હજારનો દંડ તેમજ દંડ નહિ ભરે તો વધુ સજા ફટકારી હતી.

**દાહોદ આવૃત્તિ**
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

**પંચમહાલ સમાચાર**

## દાહોદના પાટાડુંગરી જળાશય હેઠળ આવેલ
# મુવાલીયા સિંચાઈ તળાવની કેનાલની જમીન સરકાર હસ્તક જમીન માપણી કરવા આદેશ

દાહોદ,

દાહોદ જીલ્લાના દાહોદ તાલુકામાં આવેલ પાટાડુંગરી સિંચાઈ યોજના હેઠળનું મુવાલીયા તળાવ સન.૧૮૮૨ મા બાંધવામાં આવેલ આ તળાવની ક્ષમતા છેલ્લા ૧૦૦ વર્ષમા ૨૩૯ મી. ફુટથી ઘટીને ૧૨૯મી ઘન ફુટ રહી ગઈ છે. આ મુવાલીયા તળાવની કેનાલમાંથી દાહોદમાં ૩૫૩ હેક્ટર, ઉકરડી ગામની ૧૯.૩૬ હેક્ટર, દેલસર ગામની ૧૯.૩૧ હેક્ટર, અને ખરેડી ગામની ૧૬૮.૩૩ હેક્ટર મળી કુલ ૫૬૦ હેક્ટર જમીનમા મુવાલીયા કેનાલ પથરાયેલ હતી.આ મુવાલીયા સિંચાઈ તળાવની કેનાલની જમીન પાટાડુંગરી જલાશય યોજના હેઠળ આવેલ હતી. આ તમામ સંપાદન થયેલ જમીન સરકાર હસ્તક દાખલ કરવાનો હુકમ ૧૮ જાન્યુઆરી સન.૨૦૦૦મા થયેલ છે અને કલેક્ટર દાહોદ દ્વારા સીટી સરવે સુપ્રીટેન્ડેન્ટ દાહોદને આ તમામ જમીનની માપણી કરી હદ નિશાન કરી ક્ષેત્રફળ તથા નકશા સહિત કલેક્ટર દાહોદને જાણ કરવા જણાવેલ છે.

હાલમાં મુવાલીયા તળાવની સિંચાઈ યોજના હેઠળ આવેલ કેનાલની જમીનનો હવાલો સરકાર હસ્તક થયેલ છે અને સદર કેનાલ દાહોદ શહેરના સર્વે નંબરોમા પથરાયેલી હતી તે કેનાલને દાહોદ શહેરના શહેરીકરણના લીધે બંધ કરી દેવામાં આવેલ છે અને આ બંધ થયેલ કેનાલ દાહોદ શહેરના કેટલા વિસ્તારોમાં પથરાયેલ હતી અને દાહોદ શહેરમા આ કેનાલની કેટલી જમીન ઉપર ગેરકાયદેસર દબાણ થઈ ગયેલ છે. તેની કિંમતનો અંદાજ મુકવો ઘણો મુશ્કેલ છે. આ કેનાલની સરકારની કેટલી જમીન દબાણકર્તાઓએ દબાણ કરી દીધેલ છે. તેની સમગ્ર માહિતી સીટી સરવે સુપ્રીટેન્ડેટની કચેરી દાહોદ અને કલેક્ટર દાહોદની કચેરીએ તપાસ કરવામાં આવે તેની માહિતી ઉપલબ્ધ થઈ શકે તેમ છે.

આ મુવાલીયા સિંચાઈ તળાવની કેનાલની જમીન સરકારની કલેક્ટર કચેરી દ્વારા કેટલા ઈસમોને વેચાણ આપવામા આવેલ છે કે કઈ સંસ્થાઓને મુફ્તમા આપેલી છે અને કેનાલની જમીન ઉપર સરકારની કઈ કચેરીઓના બાંધકામો કરવામાં આવેલ છે અને તેમા કાયદેસર સરકારની મંજુરીના હુકમો થયેલા છે કે કેમ તે પણ એક તપાસનો વિષય છે.

દાહોદ શહેરમાંથી પસાર થતી મુવાલીયા સિંચાઈના તળાવની કેનાલની જમીન ઉપર માથાભારે જમીન માફીયાઓએ કબ્જો કરેલો છે. તેની સીટી સરવે કચેરીના રેકર્ડને સાથે રાખી તપાસ થવી અત્યંત જરૂરી છે. જેથી કરી સરકારની કરોડો, અજબો રૂપિયાની કિંમત ધરાવતી મુવાલીયા કેનાલનલી જમીન અંગેની જાણકારી મલી શકે અને સ્માર્ટ સીટી તરીકે વિકાસ પામતા દાહોદ શહેરને આ મુવાલીયા કેનાલની સરકારી જમીન ઘણી ઉપયોગી નિવડી શકે તેમ હોય જેથી આ કેનાલની જમીનની તપાસ થવા અને સદર કેનાલની જમીનો દાહોદ શહેરને સ્માર્ટ સીટી બનાવવા માટે ઉપયોગી નિવડી શકે તે હેતુથી તે જમીન ઉપર થયેલ દબાણો દુર કરવા માટે આ કામગીરી તાત્કાલીક અસરથી કરવામાં આવે તે પ્રજા હિતમાં રહેશે.

પ્રાપ્ત થતી જાણકારી મુજબ આ કેનાલ મુવાલીયા તળાવમાંથી નીકળી દાહોદ શહેરમાં ગોધરા રોડથી ભરવાડોના રહેઠાણ આગળની પસાર થઈ, ફખરી સોસાયટી આગળથી, સ્કુલ તરફથી પોલીસ લાઈન, સીટી ગ્રાઉન્ડ, તાલુકા પંચાયત આગળ થઈ ચાકલીયા રોડથી સીધી ખરેડી તરફ જતી હતી તે કેનાલનુ આજે દાહોદ શહેરમા કોઈ અસ્તિત્વ કે તેના નિશાનો પણ જણાતા નથી કારણ કે આ કેનાલની સરકારી જમીન ઉપર જમીન માફીયાઓએ દબાણો અને બાંધકામો કરી કબ્જોઓ કરી દીધા છે. તે જમીન પરત મેળવવા માટે કલેકટરની કચેરી દ્વારા ઝુંબેશ ઉઠાવવામા આવે તેવી દાહોદ શહેરની પ્રજાની માંગ છે.

## દાહોદ નગરમાં રખડતા ઢોરોના ત્રાસ : કોંગ્રેસ સમિતિ દ્વારા કલેકટરને રજુઆત


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ શહેરમાં નગરપાલિકાના અણઘડ વહીવટના કારણે ઠેર-ઠેર ખાડાઓ, પાણીના ભરાવાના લીધે પાણીજન્ય રોગો તેમજ દાહોદ શહેરમાં રખડતા ઢોરોના ત્રાસને લઈ શહેરીજનોને પડતી હાલાકીને લઈને દાહોદ જિલ્લા કોંગ્રેસ સમિતિએ કલેક્ટરને આવેદન પાઠવી રજૂઆત કરવામાં આવી હતી.

દાહોદ શહેરમાં સ્માર્ટસીટી અંતર્ગત ચાલતા વિવિધ એજેન્સીઓ દ્વારા ચાલતા કામોમાં સંકલનનો અભાવ તેમજ પાલિકાના અણઘણ વહીવટના કારણે દાહોદ શહેરના તમામ વિસ્તારોમાં ખાડાઓનો સામ્રાજ્ય જોવા મળી રહ્યો છે. જેના પગલે ઠેર ઠેર ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળે છે. વધુ દાહોદમાં પાલિકાના નિષ્ફળ ગયેલા તંત્રને કારણે ચોમાસાની ઋતુ દરમિયાન પાણીજન્ય રોગોએ માઝા મૂકી છે.જેમાં ડેન્ગ્યુ ચીકનગુનિયા, વાયરલ જન્ય રોગોનો રાફડો ફાટ્યો છે. વધુમાં દાહોદ શહેરમાં રખડતા ઢોરોના વધી ગયેલા ત્રાસના કારણે દાહોદના શહેરીજનો ભારે હાલાકીનો સામનો કરવા મજબુર બન્યા છે. ત્યારે ઉપરોક્ત તમામ મુદ્દાઓને લઈ દાહોદ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ હર્ષદભાઈ નિનામા, પૂર્વ સાંસદ પ્રભાબેન તાવિયાડ, ગરબાડા ના ધારાસભ્ય ચંદ્રિકાબેન બારીયા, દાહોદ ના ધારાસભ્ય વજુભાઇ પણદા સહીત અને કોંગ્રેસના હોદ્દેદારો તેમજ કાર્યકર્તાઓએ ઉપસ્થિતિમાં કલેક્ટર ને આવેદન પાઠવી નગરપાલિકાના અણઘણ વહીવટના કારણે દાહોદના શહેરીજનોને પડતી હાલાકીને દૂર કરવા ઉગ્ર રજૂઆત કરી હતી.

## સીંગવડના નાના આંબલીયા ગામ ખાતે ૫૪ મો દાહોદ જિલ્લા યુવા ઉત્સવ કાર્યક્રમ યોજાયો



દાહોદ,

સીંગવડ તાલુકાના નાના આંબલીયા ગામનાં સરદાર પટેલ વિદ્યાલય ખાતે ૫૪ મો દાહોદ જિલ્લા યુવા ઉત્સવ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં નવરાત્રી રાસ ગરબા સહિતની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત વિધાનસભાના દંડક રમેશભાઈ કટારા, સાંસદ જસવંતસિંહ ભાભોર સહિતના મહાનુભાવો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં હતા.

દંડક કટારાએ આ પ્રસંગે જણાવ્યું કે, રાજ્ય સરકાર દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે અનેક કાર્યક્રમો યોજવામાં આવે છે. વિદ્યાર્થીઓ-યુવાનો આવી સ્પર્ધાઓમાં ભાગ લઈને પોતાના રસના વિષયમાં નવી ક્ષિતિજોને સર કરી શકે છે. વિદ્યાર્થીઓ નાની વયથી જ પોતાના રસના વિષયમાં પારંગતતા હાંસલ કરવાનું લક્ષ રાખીને આગળ વધે. રાજ્ય સરકાર દ્વારા તેમના વિકાસ માટે જરૂરી તમામ સહાયતા અપાઈ રહી છે.

યુવા મહોત્સવમાં સંબોધન કરતાં સાંસદ જસવંતસિંહ ભાભોરે જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ એક ભારત, શ્રેષ્ઠ ભારત, નયા ભારતના લક્ષ સાથે યુવાનો-વિદ્યાર્થીઓના ઉન્નત ભવિષ્ય માટે પ્રયાસરત છે. આપણા આદિવાસી વિદ્યાર્થીઓ-યુવાનોમાં અનેક સુષુપ્ત શકિતઓ પડેલી છે. જે આવા કાર્યક્રમો થકી દીપી ઉઠે છે. પ્રધાનમંત્રીએ યુવાનોના વિકાસ માટે અનેક યોજનાઓ અને મહત્વનાં પગલાઓ લીધા છે ત્યારે યુવાનોએ પણ દેશનાં વિકાસ માટે પોતાની તમામ શકિતઓને લગાવી દેવી જોઈએ.

૫૪માં જિલ્લા કક્ષાના યુવા મહોત્સવમાં વિદ્યાર્થીઓએ ઉમંગ સાથે ભાગ લીધો હતો. આ વેળાએ જિલ્લા પંચાયતના પ્રમુખ શીતલબેન વાઘેલા, ધારાસભ્ય શૈલેષભાઈ ભાભોર, સરદાર પટેલ વિદ્યાલયના સંસ્થાપક કંચનબેન ભાભોર, શિક્ષણ સમિતિના ચેરમેન પ્રફુલભાઈ ડામોર, તાલુકા પંચાયત પ્રમુખ કાંતાબેન, તાલુકા વિકાસ અધિકારી, જિલ્લા યુવા વિકાસ અધિકારી વિરલ ચૌધરી સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

## દે.બારીયા નગર પાલિકાના દ્વારા છેલ્લા પાંચ માસથી રોડનું કાર્ય શરૂ કર્યુ હતું : અંતુ પરંતુમાં પુરૂ થતું નથી

દે.બારીયા,

દે.બારીયા નગર પાલિકા વોર્ડ નં.૬ જેમાં ત્રણ સભ્યો બીજેપીના એક કોંગ્રેસનો સભ્ય ચુંટાઈ આવ્યા છે. ત્રણ સત્તાપક્ષના માંથી એક સભ્ય ઉપપ્રમુખની ખુરશી શોભાના ગાંઠીયા સમાન શોભાવે છે. જુન માસમાં આ રોડનું સર્વે કરવા માટે ખોદકામ કરાયું હતું. ત્રણ-ચાર માસ પ્રમુખની ખેંચતાણમાં આ રોડનું કાર્ય ઠંડા બગસામાં મુકી રાખ્યું અનેકવાર રજુઆત કરી તેમ છતાં તેમની મરજીથી કાર્ય શરૂ તો કરાય પરંતુ સો મીટર જેટલું કાર્ય કર્યા બાદ ફરી આ કાર્યને ગ્રહણ કે પછી કોઈની નજર લાગી જતા હાલમાં આ રોડનું કાર્ય છેલ્લા બે-ત્રણ દિવસથી બંધ કરી દીધું છે. સત્તાપક્ષના ત્રણ સભ્યો હોવા છતાં આ રોડને નહિ બનાવવામાં કોને વાંકુ પડે છે. તે વાત સમજાતી નથી કે પછી અંદરો અંદર ભાગ બટાઉમાં એ વાર્તા સાર્થક અહીં થાય છે. બે બિલાડીની લડાઈમાં વાંદરો ફાવે જાય છે. એક બટકું તારૂ એક બટકું બીજાનું પછી બધું મારૂ આમ જનતામાં ચર્ચાઈ રહ્યું છે.

પ્રાપ્ત માહિતી મુજબ છેલ્લા પાંચ-પાંચ માસ થી રેટીયા પોલ થી નીચવાસ થઈને ભે દરવાજા ત્રણ રસ્તે મળતો આ રોડ આર.સી.સી. બનાવવાનું કાર્ય હાથ ધરાયું ત્યારે સ્થાનિકોમાં ખુશી પ્રસરી હતી. આ રોડનું કાર્ય માંડ માંડ શરૂ થયા બાદ ફરી આ રોડનું કાર્ય બંધ કરી કોન્ટ્રાકટર લાપતા થયો છે. તે સભ્યોને પણ ખબર નથી. ચાર-પાંચ માસ થી અહીંના સ્થાનિકોને મુશ્કેલીઓનો પહાડ તુટીયો છે. સભ્યો પણ વોટ લઈને કંઈ પણ કેટલા માટે અથવા આશ્વાસન આપતા નથી. જનતા ઘણી શાણી છે. આવા છે ફરી વોટ લેવા માટે આવે તો ખરા કોઈને પણ ઘૂસવા દેવાના નથી. આ મુજબનું માહોલ થઈ ગયો છે. નગર પાલિકાના સત્તાધારી ને પ્રશ્ન છે કે ટેન્ડરની પ્રક્રિયામાંની શરતોમાં કયા ગેજના સળીયા વાપરવાના દર્શાવ્યું છે. અહીં તો ચાર આની સળીયાનો ઉપયોગ થઈ રહ્યો છે. સીમેન્ટ કઈ કંપીનો વાપરવા માટે ટેન્ડરની શરતોમાં છે. કેમ શામાટે ચાર-ચાર સભ્યો ચૂપે. શું ? તેમના પણ કટકો આપીને મોં બંધ કરી દીધા છે કે શું સ્થાનિક જનતા જવાબ માંગી રહી છે. આ રોડ નહિ બનવા પાછળનું કારણ શું છે. તો યક્ષ પ્રશ્ન છે.

## દાહોદ બ્લાઈન્ડ વેલફર કાઉન્સિલ તેમજ ઈન્ડિયાના સંયુક્ત ઉપક્રમે કોરોનામાં મૃત્યુ પામેલ લાભાર્થીઓને ચેક વિતરણ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

બ્લાઈન્ડ વેલફર કાઉન્સિલ તેમજ ઈન્ડિયાના સંયુક્ત ઉપક્રમે કોરોનામાં મૃત્યુ પામેલ ૧૨૫ જેટલાં લાભાર્થીઓને ચેક વિતરણ કરવામાં આવ્યાં હતાં. જિલ્લા કલેક્ટર, સમાજ સુરક્ષા અધિકારી, લાયન્સ ગવર્મેન્ટની ઉપસ્થિતિમાં લાભાર્થીઓને ચેક વિતરણ કરવામાં આવ્યાં હતાં.

બ્લાઈન્ડ વેલફેર કાઉન્સિલ અને ટીમ ઈન્ડિયાના સંયુક્ત પ્રયત્ને કોરોના મહામારીમાં મૃત્યુ પામેલ લગભગ ૧૨૫ જેટલા લાભાર્થીઓને ચેક વિતરણ કરવામાં કરવામાં આવ્યા હતા જેમાં દરેક લાભાર્થીને ૩૦૦૦૦ રૂપિયા લેખે કુલ ૧૨૫ લાભાર્થીને આ સહાય મળી હતી. આ પ્રસંગે દાહોદ જિલ્લા કલેકટર, સમાજ સુરક્ષા અધિકારી, લાયન્સ ડિસ્ટ્રિક્ટ ગવર્નર હાજર રહ્યા હતા. આ ચેક વિતરણ કાર્યક્રમમાં આજરોજ ૫૦ લાભાર્થીના ચેક આપવામાં આવ્યા હતા અને બીજા પચાસ લાભાર્થીઓને તેઓના ચેક પોસ્ટ દ્વારા મોકલી આપવામાં આવશે તેમ પણ જાણવા મળ્યું છે.

## ફતેપુરા મામલતદારની અધ્યક્ષતામાં યોગા ટ્રેનરના પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમ યોજાયો


તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

ફતેપુરા,

યોગાને તાલીમ મેળવેલ ૩૨ તાલીમાર્થીને ૩૨ યોગા પરમાણ પત્ર વિતરણ કરવામાં આવ્યા. ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા આયોજિત યોગ ટ્રેનર તાલીમ પ્રમાણપત્ર વિતરણ સમારોહ યોજાયો. ફતેપુરા તાલુકાના મુખ્ય મથક ફતેપુરા મામલતદાર કચેરીના સભાખંડમાં મામલતદાર પી.એન. પરમારની અદયક્ષતામાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા આયોજિત યોગ ટ્રેનર તાલીમ પરમાણ પત્ર વિતરણ કાર્યક્રમ વિતરણ કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. જેમાં તાલુકા યોગા કોચ દુલાભાઈ પારગી હાજર રહ્યા હતા અને ૩૨ યોગા ટ્રેનર અને મામલતદાર પી. એન. પરમારના તેમજ તાલુકા કોચ ધુળાભાઈ પારગી અને તાલુકા પત્રકાર સંઘ મહામંત્રી શબ્બીરભાઈ સુનેલવાલાના વરદ હસ્તે પરમાણ પત્ર વિતરણ કરવામાં આવેલ હતું. યોગાની તાલીમ લેનાર આ ૩૨ યોગા ટ્રેનર પોત પોતાના ગામમાં અને મહોલ્લામાં તેમજ ઘરે ઘરે જઈને માણસોને યોગા વિશે શરીરને થતા લાભોની માહિતી આપશે અને યોગા શીખવાડશે.

## વિશ્વ હૃદય દિન નિમિતે ઝાયડસ હોસ્પિટલ ખાતે આરોગ્ય કેમ્પનું આયોજન કરાયું



દાહોદ,

તારીખ ૨૯/૯/૨૦૨૧ ના રોજ વિશ્વ હૃદય દિવસ નિમિત્તે ઝાયડસ મેડીકલ કોલેજ અને હોસ્પિટલ, દાહોદમાં આરોગ્ય લક્ષી કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમાં ૧૫૦ જેવા સંસ્થામાં કામ કરતાં કર્મચારિયોનું બિનચેપી રોગોને લગતા જોખમ કારક પરિબળોનું સ્કીનીંગ કરવામાં આવેલ. આ કેમ્પ આજના સમયમાં માનવીની જીવનશૈલી અને તેની હૃદય પર અસર વિશે જાગૃતિ આપવાના ધ્યેય થી યોજવામાં આવેલ. આ કેમ્પ કોલેજના કોમ્યુનિટી મેડિસીન વિભાગ દ્વારા જિલ્લા એન.સી.ડી. સેલના સહકાર થી આયોજવામાં આવેલ જેમાં મેડીકલ કોલેજના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતાં છાત્રોએ પણ ભાગ લીધેલ. આ કેમ્પમાં, મેડીકલ કોલેજના ચીફ એકઝીક્યુટિવ ઓફિસર ડો. સંજયકુમાર, ડીન ડો. સી.બી.ત્રિપાઠી તથા મેડીકલ સુપરેટેન્ડેન્ટ ડો. ભરત હઠીલા તથા સીનીયર મેનેજર હેતલ રાવ અગ્રગનીય એ હાજરી આપી અને લોકોને આરોગ્ય લક્ષી જીવનશૈલી કેળવવા પ્રેરણા આપેલ. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. સી.આર. પટેલ તથા જિલ્લા પ્રોગ્રામ અધિકારી ડો. કાર્તિક નિનામા એ પણ હાજરી આપેલ.

## દાહોદ વેસ્ટન રેલ્વે એમ્પલાઈન યુનિયન દ્વારા વિવિધ માંગણીને ધરણા કરી આવેદન આપ્યું



દાહોદ,

દાહોદ શહેરમાં વેસ્ટર્ન રેલ્વે એમ્પલાઈન યુનિયન દ્વારા પોતાની વિવિધ ૧૪ માંગો સંદર્ભે ધરણાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. પોતાની વિવિધ માંગણીઓ સંદર્ભે આજરોજ સી.ડબલ્યુ.એમ. દાહોદને આ મામલે આવેદનપત્ર પણ આપવામાં આવ્યું હોવાનું જાણવા મળી રહ્યું છે.

દાહોદના વેસ્ટર્ન રેલ્વે એમ્પાલાઈન યુનિયનના જણાવ્યાં અનુસાર, પોતાની ૧૪ માંગણીઓ પેન્ડીંગ પડી છે જેને અનુંસંધાને આજરોજ ધરણા સહિતના કાર્યક્રમો યોજવામાં આવ્યાં હતાં. પોતાની વિવિધ માંગણીઓમાં એપ્રેન્ડીશને રેલ્વેમાં નોકરી આપવામાં આવે, ન્યુ પેન્સન સ્કીમને ખતમ કરીને જુની પેન્સન પદ્ધતિ ચાલુ કરવામાં આવે, સુપરવાઈઝરનો જે ૪૮૦૦ ગ્રેડ પે છે. તે જલ્દીથી જલ્દી લાગુ કરવામાં આવે, ૧૮૦૦ ગ્રેડ પે ની અંદર પ્રોવેડેન્સી છે. તેને વધારવામાં આવે જેવી વિવિધ માંગણીઓ સંદર્ભે આજરોજ દાહોદ વર્કશોપમાં એક મીટીંગનું આયોજન પણ કરવામાં આવ્યું હતું અને ત્યાર બાદ વેસ્ટર્ન રેલ્વે એમ્પલાઈન યુનિયન દ્વારા સી.ડબલ્યુ. એમ.ને આ મામલે આવેદનપત્ર પણ આપવામાં આવ્યું હતું.

## ઔદ્યોગિક તાલીમ સંસ્થા દાહોદ ખાતે ૪ ઓક્ટોબરે એપ્રેન્ટીસશીપ ભરતીમેળો યોજાશે


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

ભારત સરકાર દ્વારા નેશનલ એપ્રેન્ટીસશીપ મેળા ૨૦૨૧ અંતર્ગત સમગ્ર દેશમાં આગામી તા.૦૪ ઓક્ટોબરથી એપ્રેન્ટીસશીપ ભરતીમેળાનું આયોજન કરવામાં આવી રહ્યું છે ત્યારે ઔદ્યોગિક તાલીમ સંસ્થા દાહોદ ખાતે પણ તા.૦૪/૧૦/૨૦૨૧ ના રોજ સવારે ૦૯:૦૦ કલાકેથી જીલ્લા કક્ષાનો એપ્રેન્ટીસશીપ ભરતીમેળાનું આયોજન કરાયુંછે. આ ભરતીમેળામાં જીલ્લાના વિવિધ એકમો તેઓંની એપ્રેન્ટીસશીપ વેકેન્સી સાથે હાજર રહેનાર છે. આઈ.ટી.આઈ ફિટર, ટર્નર, મીકે.ડિઝલ, મીકે.મોટર વ્હીકલ, વેલ્ડર, ઈલેક્ટ્રીશીયન, વાયરમેન, કોપા, ટ્રેડના પાસ થયેલા તાલીમાર્થીઓં તેમજ કોઈપણ સ્નાતક (બેઝીક કોમ્પ્યુટરની જાણકારી સાથે) ઈચ્છુક ઉમેદવારોએ તેઓંના શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો (અસલ તેમજ પ્રમાણિત નકલ), આધારકાર્ડ અને પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે નીચે જણાવેલ સ્થળ અને સમય પર રૂબરૂ ઉપસ્થિત રહેવું. ઉમેદવારોએ અનુબંધમ પોર્ટલ પર (https://anubandham. gujarat. gov.in/home) ફરજીયાત પોતાનું રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. ઉમેદવાર ડીજીટીની વેબસાઈટ https://dgt. gov.in/Appmelastudent/ પર જઈને ભરતીમેળાની વધુ માહિતી મેળવી શકેછે. ઔદ્યોગિકતાલીમ સંસ્થાના આચાર્યએ એક યાદીમાં ઉક્ત માહિતી આપી છે.

## ઢાળસિમલ ગામે વિજળી પડતા મૃતકના પરિવારને સહાયના ચેક અર્પણ કરવામાં આવ્યો

સંજેલી,

સંજેલી તાલુકાના ઢાળ સિમલ ગામે તારીખ ૨૩ ના રોજ એક મહિલા ઉપર વીજળી પડી હતી. તેમાં નંદાબેન નામની મહિલાનું અવસાન થયેલ હતું. તેના સંદર્ભે સરકારના ધારાધોરણ મુજબ આકાશી વીજળી પડવાના કારણે એના વારસદારોની એસ.ડી.આર.એફ ફંડમાંથી ૪,૦૦,૦૦૦/- નો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સંજેલી તાલુકા પંચાયતના TDO એસ.કે ગાવિત, નાયબ TDO એમ.એમ. ભુરીયા, તાલુકા પંચાયત પ્રમુખ ભુપેન્દ્રભાઈ, શરદભાઈ બામણીયા, તાલુકા પંચાયત સભ્ય જગદીશભાઈ પરમાર, ન્યાય સમિતિ ચેરમેન અરવિંદભાઈ, સરપંચ રાકેશભાઈ મછાર અને કાર્યકરો તેમજ ગ્રામજનો હજાર રહ્યા હતા.

## ઝાલોદના થેરકા ગામે ૫૫ વર્ષીય મહિલાને સાપ કરડી જતાં મોત નિપજ્યું


તસ્વીર : શૈલેષ ભુરીયા, ઝાલોદ

ઝાલોદ,

ઝાલોદ તાલુકાના થેરકા ગામે ૫૫ વર્ષીય મહિલા પોતાના ખેતરમાં કામ કરતા હોય દરમિયાન ઝેરી સાપ કરડી જતાં સારવાર મળે તે પહેલા મહિલાનું મોત નિપજાવા પામ્યું.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ઝાલોદ તાલુકાના થેરકા ગામે મંદિર ફળીયામાં રહેતા કમલીબેન હકલાભાઈ ઉ.વ.૫૫ સવારે પોતાના ખેતરમાં ખેતી કામ કરી રહ્યા હતા. દરમિયાન ઝેરી સાપ કરડી જતાં પરિવારજનો કમલીબેનને સારવાર અર્થે ખસેડે તે પહેલા મોત નિપજાવા પામ્યું હતું. આ બાબે ઝાલોદ પોલીસ મથકે અ.મોતનો ગુનો નોંધાવા પામ્યો છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.34

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## ગોધરાના રામસાગર તળાવમાં

# જળકુંભીનું સામ્રાજ્ય : પાલિકા સત્તાધિશોની અનદેખી



ગોધરા,
ગોધરા શહેરની મધ્યમાં આવેલ રામસાગર તળાવ છે. શહેરની સુંદરતાને ચાર ચાંદ લગાવતું હતું. તે તળાવમાં જળકુંભીનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. પાલિકાના સત્તાધિશોને તળાવની દુર્દશા જોઈને તેની સ્વચ્છતા બાબતે કામ કરવાની ઈચ્છા થતી હોય તેમ લાગતું નથી. હાલના પાલિકા પ્રમુખ દ્વારા તળાવની સ્વચ્છતા બાબતે રજુઆત અવારનવાર કરતા હતા. હવે સત્તામાં આવ્યા બાદ જાણે તળાવની ગંદકી અને ફેલાયેલી જળકુંભી ઉપર નજર જતી ન હોય તેવું નગરજનોમાં ચર્ચાઈ રહ્યું છે.

ગોધરા શહેરની વચ્ચે આવેલ રામસાગર તળાવ શહેરની શોભા અને સુંદરતાના ભાગ છે. પરંતુ રામસાગર તળાવને કદરૂપા થવાનું ગ્રહણ લાગ્યું હોય તેમ લાગી રહ્યું છે. પાલિકાના સત્તાધિશો શહેરની મધ્યમાં આવેલ તળાવની સ્વચ્છતા બાબતે ગંભીર લાગી રહ્યા નથી. શહેરની મધ્યમાં આવેલ તળાવની દુર્દશા જોઈને શહેરમાં પ્રથમવાર આવતા વ્યકિત સ્વચ્છતા બાબતે નગરની હાલત શું હશે તેના અંદાજ લગાવી લેતો હોય છે. તળાવમાં ગંદકી સાથે જળકુંભીના સામ્રાજ્યને લઈ મચ્છરનો ઉપદ્રવ વધ્યો છે. કોરોનાકાળ પહેલા અગાઉના વર્ષોમાં દશામાના વ્રતના દિવસો તેમજ ગણેશ મહોત્સવ પર્વ અગાઉ તળાવને સ્વચ્છ કરવામાં આવતું હતું. પરંતુ જ્યારથી કોરોના મહામારી આવી છે અને ધાર્મિક તહેવારોમાં ગણેશ મહોત્સવ અને દશામાના સ્થાપિત મૂર્તિઓને તળાવમાં વિર્સજન કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. ત્યાર પછી પાલિકા તંત્ર અને સત્તાધિશોને મોકળું મેદાન મળી ગયું છે. કારણ કે આવા ધાર્મિક પર્વમાં તળાવની સ્વચ્છતાના પ્રશ્ને લોકોના રોષનો ભોગ બનવાની ચિંતા રહેતી હોય પરંતુ જ્યાર થી કોરોનાકાળ આવ્યો

**- તળાવમાં જળકુંભી સાથે ગંદકીનું સામ્રાજ્ય થી મચ્છરનો ઉપદ્રવ વધ્યો.**
**- પાલિકા કચેરીની પાછળ તળાવની દુર્દશા પાલિકાને નજરે નથી પડતી ત્યારે અન્ય સમસ્યા કયાં દેખાતી હશે.**

ત્યાર થી પાલિકા તંત્ર સ્વચ્છતાની બાબતે વધુ ગંભીર બનાવવાના સ્થાને બહેરી અને આંધળી બની હોય તેમ લાગી રહ્યું છે. રામસાગર તળાવના કિનારા ઉપર પાલિકાની કચેરી આવેલ છે. ત્યાં પાલિકા વિસ્તારના વિવિધ મુદ્દાઓ ઉપર ચર્ચા વિચારણા કરીને નિર્ણય લેવામાં આવતા હોય તેવી પાલિકા કચેરીની પાછળ આવેલ તળાવમાં જળકુંભીનું સામ્રાજ્ય ઉપર પાલિકા સત્તાધિશોની નજર જમીન થી અથવા તો રામસાગર તળાવ માંથી જળકુંભી દુર કરવાની કામગીરીમાં ખાયકી થઈ શકે તેવી સ્થિતી ન હોવાથી તળાવને સ્વચ્છ કરવા માટે કોઈ કામગીરી કરવામાં આવતી નથી. હાલમાં પાલિકામાં સત્તાનું સુકાન સંભાળતા પ્રમુખ જે તે સમયે રામસાગર તળાવની ગંદકી અને જળકુંભી જેવા મુદ્દાઓ ઉપર પાલિકામાં ઉગ્ર રજુઆત કરતા હતા. હવે જ્યારે સત્તાનું સુકાન તેમના હાથમાં આવ્યું છે. ત્યારે રામસાગર તળાવની ગંદકી અને જળકુંભીના સામ્રાજ્ય અંગે તેમનું ધ્યાન જઈ રહ્યું નથી. અથવા સત્તા આવ્યા પછી તળાવની સ્વચ્છત કરવા જેવા મુદ્દાની ચર્ચા પાલિકામાં કરવી યોગ્ય લાગતી ન હોય તેમ લાગી રહયું છે. ગોધરા શહેરના નગરજનો ઈચ્છી રહ્યા છે કે, પાલિકા તંત્ર દ્વારા રામસાગર તળાવમાં ફેલાયેલી જળકુંભીનું સામ્રાજ્ય વેળાસર દુર કરવા માટે પગલાં ભરે તે જરૂરી છે નહિ તો આવનાર દિવસોમાં નગરજનો તળાવની દુર્દશા ગંદકી અને જળકુંભી માટે વિરોધ કરવા મેદાનમાં આવે તો નવાઈ નથી.

## ગોધરા કાંકણપુર પોલીસ મથકે બોગસ રોયલ્ટી પાસમાં કાંડમાં આરોપી દ્વારા આગોતરા જામીન અરજી કરાઈ હતી તેને કોર્ટે નામંજુર કરી

ગોધરા,
ગોધરા તાલુકાના કાંકણપુર પોલીસ મથક વિસ્તારમાં સાદી રેતી ભરેલ ટ્રક ઝડપી પાડવામાં આવી હતી. ટ્રક ચાલક પાસેથી ખાણ-ખનિજમાં રદ થયેલ એસ.એસ.પી. પાસ રદ કરવામાં આવેલ હતા. નાગઈ રેતી સપ્લાયર્સ સંદિપકુમાર કૃષ્ણરાવ ભામરેનું મૃત્યુ થયેલ હોય તેમ છતાં રદ થયેલ એસ.એસ.પી. પેપર અરજદાર આરોપીએ ચેનકેન પ્રકારે મળવી તેના સાચા તરીકે ઉપયોગ કરી રોયલ્ટી પાસ બજારમાં આવેલ હોય અને સરકારી તિજોરીને નુકશાન કરવામાં આવ્યું છે. ત્યારે આરોપી અરજદાર દ્વારા માંગવામાં આવેલ આગોતરા જામીન અરજી સંદર્ભે નામદાર સેશન્સ જજની કોર્ટમાં સરકારી એડવોકેટ દ્વારા ધારદાર દલીલો કરતાં કોર્ટ દ્વારા આગોતરા જામીન અરજી રદ કરવામાં આવી છે.

ગોધરા તાલુકાના કાંકણપુર પોલીસ મથકમાં વિસ્તારના ટુવા બાયપાસ પાસેથી સાદી રેતી વહન કરતી ટ્રક નંબર જીજે.૧૨.બીટી.૫૧૦૭ના કિશન ગજોરા રહે. ચલાલી, તા.કાલોલને ઝડપી પાડવામાં આવ્યો હતો. જયશ્રી ક્રિષ્ણા ટ્રેડીંગ કંપની વેજલપુર નામનું બોગસ રોયલ્ટી પાસ મળી આવ્યું હતું. પોલીસ તપાસમાં ખુલવા પામ્યું હતું કે, હારૂન હુસેન બદના પાસેથી મેળવેલ હોવાની કબુલાત કરી હતી. રદ થયેલ એસ.એસ.પી.પર સંદીપકુમાર કૃષ્ણરાવ પાટીલ ઈશ્યુ કરેલ જે પાસ ચેનકેન પ્રકારે હારૂન હુસેન બદના એ મેળવીને રદ થયેલ ચોરી એસ.એસ.પી. પાસમાં જયશ્રી ક્રિષ્ણા ટ્રેડીંગ કંપની વેજલપુર નામનું બોગસ પ્રિન્ટીંગવાળું રોયલ્ટી પાસ તૈયાર કરીને સરકારી તિજોરીને આર્થિક નુકશાન પહોંચાડેલ હોય અને તિજોરીને નુકશાન પહોંચાડવા માટે ૩૯૫૯૦ ટન સાદી રેતીનું બોગસ રોયલ્ટી પાસ ઉપર વહન કરીને ૧,૯૭,૯૫૦/-રૂપીયાની છેતરપિંડી કરેલ છે. દસ્તાવેજ ખોટા હોવા છતાં સાચા તરીકે ઉપયોગ કરી જેમાં આરોપી અરજદારને માઈન્સ એન્ડ મીનરલ્સ (ડેવલોપમન્ટ અને રેગ્યુલેશન) એકટ ૧૯૫૭ના નિયમ ૪(૧) મુજબના ગુનામાં પાંચ વર્ષની સજા અથવા પાંચ લાખના દંડની જોગવાઈ છે. ત્યારે બોગસ રોયલ્ટી પાસમાં આરોપી અરજદાર હારૂન હુસેન બદનાનું નામ ખુલવા પામ્યું છે. ત્યારે જો આરોપી અરજદારને જામીન આપવામાં આવે તો સાક્ષીઓને ફોડીને કેસ નબળો પાડે તેમ હોય ત્યારે અરજદાર આરોપી એ નામદાર હાઈકોર્ટ સમક્ષ આગોતરા જામીન અરજી મૂકી હોય તેની સુનાવણી પંચમહાલ ઈ.ચા.મે.ચોથા એડી.સેશન્સ જજની કોર્ટમાં હાથ ધરાઈ હતી. ત્યારે સરકારી એડવોકેટ રાકેશ ઠાકોર દ્વારા આરોપી અરજદારની પોલીસ તપાસમાં જરૂર હોય તેવા સંજોગોમાં જામીન ન આપવા રજુઆત કરાઈ હતી. જેને ગ્રાહ્ય રાખીને નામદાર કોર્ટ દ્વારા આરોપી અરજદારની જામીન અરજી નામંજુર કરવામાં આવી.

## નૂતન શિખરબંધ શ્રી સ્વામિનારાયણ મંદિર, ઘાંઘલપુરનું કરવામાં આવ્યું વાસ્તુ પૂજન


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,
ગરવી ગુજરાતના પંચમહાલ જિલ્લામાં આવેલ શહેરા તાલુકાના ઘાંઘલપુર આદર્શ ગામમાં મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન સંચાલિત નૂતન શિખરબંધ શ્રી સ્વામિનારાયણ મંદિર અનેક શ્રદ્ધાળુઓ અને ભાવિકો માટે આસ્થાનું કેન્દ્ર બની રહેશે ત્યારે આ નૂતન શિખરબંધ મંદિરનું વાસ્તુ પૂજન આજે કરવામાં આવ્યું હતું. મણિનગર શ્રી સ્વામિનારાયણ સંસ્થાનના આચાર્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજની અનુજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર, મણિનગર-અમદાવાદના મહંતશ્રી ભગવત્પ્રિયદાસજી સ્વામી તથા પંચમહાલ-દાહોદ જિલ્લાના મહંતશ્રી યોગપ્રિયદાસજી સ્વામી, શ્રીધર્મતનયદાસજી સ્વામી, શ્રીઘનશ્યામસ્વરૂપદાસજી સ્વામી, શ્રી દિવ્યચરણદાસજી સ્વામી, શ્રી વિશ્વમંગલદાસજી સ્વામી, શ્રી ગુરુપ્રિયદાસજી સ્વામી તથા શ્રી સંતભૂષણદાસજી સ્વામી વગેરે સંતો અને હરિભકતોની ઉપસ્થિતિમાં વાસ્તુ પૂજન અવસરે સ્વામિનારાયણબાપા સ્વામીબાપાની અષ્ટોત્તરશત નામાવલિ સહ મહાપૂજા કરવામાં આવી હતી. ત્યારબાદ પૂજનીય સંતોએ પ્રસંગોચિત શબ્દપુષ્પાજલિ ઉચ્ચારી હતી. અને આગામી તા. ૨૨-૨૩ તારીખે આવનાર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ માટે સૌએ રંગેચંગે ઉજવણીની પૂર્વતૈયારી માટે અદમ્ય ઉત્સાહ જણાવ્યો હતો.

## પંચમહાલ જિલ્લાના ઉમેદવારો માટે અનુબંધમ પોર્ટલના માધ્યમથી ઓનલાઈન રોજગારીની તક

ગોધરા,
૬ ઓગસ્ટ, ૨૦૨૧ના રોજ લોન્ચ કરાયેલ રોજગારલક્ષી પોર્ટલ ''અનુબંધમ'' પર પંચમહાલ જિલ્લાના ૨૧૯ નોકરીદાતાઓ દ્વારા ૧૮ વર્ષથી વધુ વય ધરાવતા પુરૂષ તથા મહિલા ઉમેદવારો માટે રોજગારલક્ષી તથા એપ્રેંટિસશીપને લગતી વિવિધ જગ્યાઓ જેવી કે રિસર્ચ કેમિસ્ટ, સેલ્સ એક્ઝિક્યુટિવ, જુનિયર ટેક્નિશીયન, પ્રોડકશન, એન્જિનિઅર, આસી.એકાઉન્ટન્ટ, રિલેશનશિપ મેનેજર, હેલ્પર, મશીન ઓપરેટર જેવી ટેકનિકલ તથા નોન ટેકનિકલ જગ્યાઓ માટે ધો.૧૦ પાસ, ૧૨ પાસ, આઈ.ટી.આઈ, ડિપ્લોમા, સ્નાતક, અનુસ્નાતક તથા તેના સમકક્ષ અનુભવી, બિન-અનુભવી ઉમેદવારો માટે ઓનલાઈન વેકેન્સી પોસ્ટ કરવામાં આવેલ છે. જેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો પોતાની જોબ સીકર તરીકે https://anubandham.gujarat.gov.in વેબસાઈટ પર ઓનલાઈન નોંધણી કરાવી શકે છે. આ પ્રકારે નોંધણી કરાવેલ ઉમેદવારો ગુજરાત રાજ્યની તમામ વેકેન્સી સામે એપ્લાય કરી શકશે તેમજ ગુજરાતના તમામ જિલ્લાના રોજગારલક્ષી તથા એપ્રેંટિસશીપ ભરતીમેળામાં વિના મૂલ્યે ભાગ લઈ શકશે. જોબ સીકર તરીકે નોંધણી કરવા માટે તેમજ ઓનલાઇન સેવાઓનો લાભ મેળવા anubandham એપ ડાઉનલોડ કરવાની રહેશે. ઉમેદવારોએ anubandham પોર્ટલ પર વિના મૂલ્યે નામ નોંધણી કરાવવા માટે પોતાના મોબાઇલ, ઈમેલ-આઈડી, આધારકાર્ડ તેમજ શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો સાથે નજીકની સરકારી આઇ.ટી.આઇ તેમજ જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગોધરાનો સંપર્ક કરવાનો રહશે તેમ રોજગાર અધિકારીની એક અખબારી યાદીમાં જણાવાયું છે. વધુ માહિતી માટે ૬૩ ૫૭ ૩૯૦ ૩૯૦ કોલ સેન્ટર પર સંપર્ક કરવા તેમજ અનુબંધમ પોર્ટલની સેવાનો લાભ લેવા યાદીમાં અપીલ કરવામાં આવી છે.

## મોરવા(હ)ના મોરા ગામે વાંદરાના ત્રાસ થી ગ્રામજનો પરેશાન



મોરવા(હ),
મોરવા (હ) તાલુકાના મોરા ગામના ગ્રામજનો વાંદરાના ત્રાસથી મુશ્કેલીમાં મુકાયા હતા. જેથી મોરા ગામમાં વાંદરાઓનાં અસહ્ય ત્રાસ માંથી છુટકારો મેળવવા અને વાંદરાઓને પકડી જંગલ વિસ્તારમાં મુકવા માટે મોરા ગામના ગ્રામજનો દ્વારા રેન્જ ફોરેસ્ટ ઓફિસર મોરવા(હડફ)ને અરજી આપવામાં આવી હતી અને તે અરજી મળતા રેન્જ ફોરેસ્ટ ઓફિસર મોરવા(હડફ) તથા સ્ટાફ દ્વારા વાંદરાને પકડવા માટે મોરા ગામમાં આવેલ ઘરોના છતો ઉપર પાંજરૂ મુકવામાં આવ્યું હતું. સતત ત્રણ દિવસની જહેમત બાદ વાંદરાને પાંજરે પુરાઈ જતા ગ્રામજનોએ હાશકારો અનુભવ્યો હતો. પાંજરે પુરાઈ ગયેલ વાંદરાને ફોરેસ્ટના સ્ટાફ દ્વારા જંગલ વિસ્તારમાં સહી સલામત છોડી દેવામાં આવ્યું.

## જેઠાભાઈ ભરવાડ વિધાનસભામાં ઉપાધ્યક્ષ બનતાં પોપટ પૂરા ખાતે પ્રજા દ્વારા ઉમળકાભેર સ્વાગત



ગોધરા,
પંચમહાલ ડેરીના ચેરમેન અને શહેરાના ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડનું ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ તરીકે ચૂંટાયા બાદ પ્રથમવાર પોતાના મતક્ષેત્રમાં આવ્યા હતા. વિધાનસભાના ઉપાધ્યક્ષ જેઠાભાઈ ભરવાડનું ગોધરા અને શહેરાની પ્રજા દ્વારા ભવ્ય સ્વાગત કરવા માં આવ્યું હતું. ગોધરા નજીકના પોપટપુરા ખોડિયાર મંદિરમાં માતાજીના દર્શન કરી શહેરાના ચાંદલગઢ સુધી તેઓની સ્વાગત યાત્રા નીકળી હતી. સ્વાગત યાત્રાનું ઠેર ઠેર સ્વાગત કરવામાં આવ્યું હતું,તો બીજી તરફ જેઠાભાઈએ જન અભિવાદન સ્વીકારી વધુ સારી રીતે પ્રજાકીય કામો કરવાની બાંહેધરી આપી હતી.

## ગોધરા શહેરના BRGF ભવન હોલ ખાતે માર્ગ સલામતી અવરનેસ સેમિનાર યોજાયો


તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા,
ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી અને આર.ટી.ઓ. કચેરી ગોધરાના સંયુક્ત ઉપક્રમે ગોધરા ખાતે૧ દિવસીય માર્ગ સલામતી અવેરનેસ અંગેનો સેમિનાર યોજાયો. જેમાં પંચમહાલ, દાહોદ, મહીસાગર અને છોટાઉદેપુર જિલ્લાના આર.ટી.ઓ વિભાગના અધિકારીઓ, ટ્રાફિક પોલીસ, એસ.ટી. નિગમના કર્મચારીઓ તેમજ ગોવિદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન કોલેજના વિદ્યાર્થીઓને ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટીના તજજ્ઞો દ્વારા બે સેશનમાં જરૂરી માર્ગદર્શન પુરૂં પાડવામાં આવ્યું હતું.

## ગોધરા સત્તકૈવલ સોસાયટીના બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું



ગોધરા,
ગોધરા શહેરના સાંપા રોડ ઉપર આવેલ સત્ત કૈવલ સોસાયટીના બંધ મકાનનું તાળું તોડીને તસ્કરો એ ઘર માંથી રોકડ અને દાગીનાની ચોરી કરી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા શહેરના સાંપા રોડ ઉપર આવેલ સત્ત કૈવલ સોસાયટીના બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું હતું. તસ્કરો એ કટર વડે દરવાજાનો નકુચો કાપીને દરવાજો ખોલીને ઘરમાં પ્રવેશ કર્યો હતો. અને તિજોરીમાં મૂકી રાખેલ રોકડ રકમ અને દાગીનાની ચોરી કરી તસ્કરો ફરાર થયા. આ બાબતે ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે મકાન માલિક ફરિયાદની તજવીજ કરી.

## ઘોઘંબા તાલુકાની પાંચ પ્રાથમિક શાળાઓમાં સંસ્થા દ્વારા કોમ્પ્યુટર સેટ વિતરણ શિક્ષણ સમિતિ ચેરમેનની હાજરીમાં યોજાયો


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,
ઘોઘંબા તાલુકાની પાંચ ઉપરાંત પ્રાથમિક શાળાઓમાં ખાનગી સંસ્થા દ્વારા કોમ્પ્યુટર સેટનું વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો. કોમ્પ્યુટર વિતરણમાં શિક્ષકો માસ્ક વગર તેમજ સોશ્યલ ડિસ્ટન્સના લીલેલીરા ઉડતા જોવા મળ્યા હતા.

ઘોઘંબા તાલુકાની પ્રાથમિક શાળાઓમાં ખાનગી સંસ્થા દ્વારા કોમ્પ્યુટર સેટનું વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. તાલુકાની પાંચ જેટલી પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર સેટ વિતરણ કાર્યક્રમ જીલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેનની હાજરીમાં યોજાયો હતો. કોમ્પ્યુટર વિતરણ કાર્યક્રમ શિક્ષણ સમિતિના ચેરમેન તેમજ શિક્ષકો ચેરમેન સહિત તમામ શિક્ષકો માસ્ક વગર તેમજ સોશ્યલ ડિસ્ટન્સ વગર જોવા મળ્યા હતા. સંભવિત કોરોનાની ત્રીજી લહેર બાળકો માટે ઘાતક હોવાની સંભાવના રહેલી હોય તેમ જાણતા હોવા છતાં શિક્ષકો તેમજ શિક્ષણ સમિતિ ચેરમેન કોરોના ગાઈડ લાઈનનું પાલન કરતાં જોવા મળ્યા નહિ.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

હાલોલ તા. ખ. વે. સંઘ
મુ. અરાદ, તા. હાલોલ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

હાલોલ તા. ખ. વે. સંઘ
મુ. તલાવડી, તા. હાલોલ